# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

***************************************************

1) સંયુક્ત રાષ્ટ્રએ બાળ મૃત્યુને ઘટાડવામાં ભારતના પ્રયાસો અને પ્રગતિને 'ઉદાહરણીય' ગણાવી પ્રશંસા કરી

2) ભારત શ્રીલંકાને પાછળ છોડીને વિશ્વનો બીજો સૌથી મોટો ચા નિકાસકાર દેશ બન્યો

3) અપ્રમાણસર મિલકત અને ભ્રષ્ટાચારના કેસોમાં પ્રવર્તન નિર્દેશાલય-ED દ્વારા પટણામાં IAS અધિકારીના અનેક સ્થળોએ દરોડા

4) ઇઝરાયલની સેનાએ ગાઝામાં તેના હવાઈ અને જમીન હૂમલાને વધુ આક્રમક બનાવ્યાં

5) IPLમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# UN- CHILD MORTALITY REPORT

અટકાવી શકાય તેવા બાળ મૃત્યુને ઘટાડવામાં ભારતના પ્રયાસો અને પ્રગતિને 'ઉદાહરણીય' ગણાવીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રશંસા કરવામાં આવી છે, જેમાં આયુષ્માન ભારત જેવી આરોગ્ય પહેલોનું ઉદાહરણ ટાંકવામાં આવ્યું છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, દેશે તેની આરોગ્ય વ્યવસ્થામાં વ્યૂહાત્મક રોકાણ દ્વારા લાખો યુવાનોનું જીવન બચાવ્યું છે.

બાળ મૃત્યુદર અંદાજ અંગેનાં સંયુક્ત રાષ્ટ્રનાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, દેશે આરોગ્ય પ્રણાલીમાં રોકાણ દ્વારા લાભ મેળવ્યો છે. અહેવાલમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે કે વર્ષ 2000થી ભારતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનાં મૃત્યુદરમાં 70 ટકાનો ઘટાડો અને નવજાત મૃત્યુદરમાં 61 ટકાનો ઘટાડો હાંસલ કર્યો છે.

# INDIA TEA EXPORT

ભારત શ્રીલંકાને પાછળ છોડીને વિશ્વનો બીજો સૌથી મોટો ચા નિકાસકાર દેશ બન્યો છે. જ્યારે કેન્યાએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

ટી બોર્ડ ઓફ ઈન્ડિયાની માહિતી અનુસાર વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતાઓ હોવા છતાં, 2024માં ભારતની ચા નિકાસ 25 કરોડ 50 લાખ કિલોના 10 વર્ષની ટોચે પહોંચી છે. વર્ષ 2023માં 23 કરોડ કિલોની સરખામણીમાં દેશની નિકાસમાં 10 ટકાનો મજબૂત વધારો થયો છે.

ભારતની નિકાસનું મૂલ્ય વર્ષ 2024માં 15 ટકા વધીને 7 હજાર 111 કરોડ રૂપિયા થયું જે વર્ષ 2023માં 6 હજાર 161 કરોડ હતું. ભારત યુએઈ, ઇરાક, ઈરાન, રશિયા, અમેરિકા અને બ્રિટન સહિત 25 થી વધુ દેશોમાં ચાની નિકાસ કરે છે.

# PM KATRA-UDHAMPUR TRAIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 19 એપ્રિલના રોજ કટરાથી કાશ્મીર ખીણ સુધીની પ્રથમ ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરાવશે. આ સાથે કાશ્મીર ખીણ સાથે રેલ જોડાણના 70 વર્ષથી જૂનું સ્વપ્ન સાકાર થશે. આ વંદે ભારત ટ્રેન રિયાસી જિલ્લાના કટરા શહેરથી ઉપડશે અને પીર પંજાલ પર્વતમાળાને પાર કરીને શ્રીનગર થઈને ઉત્તર કાશ્મીરના બારામુલ્લા ખાતે તેના અંતિમ મુકામ સુધી પહોંચશે.

હાલમાં આ ટ્રેન સંગલદનથી બારામુલ્લા સુધી ચાલે છે. પ્રધાનમંત્રી 19 એપ્રિલની સવારે નવી દિલ્હીથી ઉધમપુર લશ્કરી વિમાનમથક પર ઉતરશે અને ત્યાંથી રિયાસી જિલ્લામાં ચિનાબ નદી પર નિર્મિત વિશ્વના સૌથી ઊંચા રેલવે પુલની મુલાકાત લેશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી માતા વૈષ્ણોદેવી બેઝ કેમ્પ, કટરા પહોંચશે જ્યાંથી તેઓ વંદે ભારત ટ્રેનને લીલ ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે. દિલ્હી જવા રવાના થતા પૂર્વે પ્રધાનમંત્રી કટરામાં જાહેર સભાને સંબોધશે.

# KATHUA ENCOUNTER

છેલ્લાં ચાર દિવસથી સઘન શોધ બાદ આજે ફરી એક વાર જમ્મુ કાશ્મીરના કથુઆ જિલ્લામાં સંયુક્ત દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ગોળીબાર શરૂ થયો છે. અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે, કથુઆના રાજબાગ પોલિસ સ્ટેશન હેઠળનાં સુફૈન જંગલ વિસ્તારમાં ઉગ્રવાદીઓ સાથે સંપર્ક પુનઃ પ્રસ્થાપિત થયો છે.

પ્રારંભમાં હિરાનગર તાલુકાના સાન્યાલ ગામમાં શરૂ થયેલી શોધ નજીકનાં વિસ્તારોમાં  પણ હાથ ધરવામાં આવી હતી. રવિવારે સલામતી દળો અને ત્રાસવાદીઓ સાથે અથડામણ શરૂ થઈ હતી.

# BIHAR ED SEARCHES

બિહારમાં અપ્રમાણસર મિલકત અને ભ્રષ્ટાચારના કેસોના સંદર્ભમાં પ્રવર્તન નિર્દેશાલય-ED એ પટનામાં IAS અધિકારી સંજીવ હંસના અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે.

રાજ્યના ઉર્જા વિભાગના ભૂતપૂર્વ સચિવ હંસ અને તેમના ઘણા સહયોગીઓ પર નાણાકીય ઉચાપત, ભ્રષ્ટાચારના કેસ અને ટેન્ડરોમાં ભ્રષ્ટાચારનો આરોપ છે. પટનાના અનીસાબાદમાં મકાન બાંધકામ વિભાગના એક વરિષ્ઠ ઇજનેરના પરિસરમાંથી મોટી માત્રામાં રોકડ અને વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરાયા છે. લાંચ લેવાના આરોપસર અનેક સરકારી અધિકારીઓ અને ઇજનેરોના મકાનો પર પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# KAILAS YATRA

પ્રખ્યાત કૈલાશ માનસરોવર, ઓમ પર્વત અને આદિ કૈલાશ યાત્રાની વ્યવસ્થા અંગે ઉત્તરાખંડના પિથોરાગઢમાં સેના અને વહીવટીતંત્રની સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યાત્રાની તૈયારીઓ, વિવિધ પાસાઓ અને સુરક્ષા વ્યવસ્થાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

119 ઇન્ફન્ટ્રીના બ્રિગેડિયર ગૌતમ પાઠકે જણાવ્યું હતું કે આ યાત્રાઓ અત્યંત મહત્વપૂર્ણ છે અને સેના આ મુલાકાતના સફળ સંચાલન માટે પ્રતિબદ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MUMBAI BANGLADESHI

મુંબઈના શિવાજીનગર અને આરસીએફ પોલીસ મથકના સંયુક્ત ટીમે ગોવંડી અને ચેંબૂરમાંથી ગેરકાયદે રહેતા 17 બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરી છે. જેમાં પાંચ મહિલાઓ પણ સામેલ છે.

મુંબઈ પોલીસને ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે કડક કાર્યવાહી કરવા નિર્દેશ અપાયા છે જે અંતર્ગત આ વિશેષ અભિયાન ચલાવાયું હતું. ધરપકડ કરાયેલા તમામ બાંગલાદેશી નાગરિકો સામે વિદેશી અધિનિયમ અને અન્ય સંબંધિત કાયદા હેઠળ કેસ નોંધાયો છે. તેમના ગુનાહિત ઇતિહાસ અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

# ISRAELSTRIKES GAZA SYRIA LEBNON

ઇઝરાયલની સેના એ ગાઝામાં તેના હવાઈ અને જમીન અભિયાનને વધુ તીવ્ર બનાવ્યું છે, 18 માર્ચથી અત્યાર સુધીમાં 430થી વધુ સ્થળોએ હુમલો કર્યો છે. તાજેતરમાં કરાયેલા હુમલા બે મહિનાના યુદ્ધવિરામનો અંત દર્શાવે છે, જેમાં સેનાએ દાવો કર્યો છે કે બધા હુમલા આતંકવાદ સંબંધિત હતા. ગાઝાના આરોગ્ય સત્તામંડળ અનુસાર સંઘર્ષ ફરી શરૂ થયો ત્યારથી આશરે 830 લોકોના મોત થયા છે.

ઇઝરાયેલે સીરિયા અને લેબનોનમાં પણ હુમલા ચાલુ રાખ્યા હતા. લેબનોનમાં, ઇઝરાયેલે શનિવારે 40 થી વધુ હિઝબુલ્લાહ આતંકવાદી લક્ષ્યો પર હુમલો કર્યો. નવેમ્બરમાં અમલમાં આવેલા નાજુક યુદ્ધવિરામ છતાં ઇઝરાયેલે લેબનોનમાં ડઝનેક વધારાના હુમલા કર્યા હતા.

# IPL 2025 SRH vs LSG

IPL 2025ની સાતમી મેચમાં આજે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

વર્તમાન આઇપીએલમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું હતું, જ્યારે લખનઉ સુપર જાયન્ટ્સ તેની પ્રથમ મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે હાર્યું હતું.  ગઈ કાલે કોલકાતા નાઈટ રાઈડર્સે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સને 8 વિકેટે હરાવ્યું હતું.

# FIBA BASKETBALL

ભારતીય પુરુષ અને મહિલા બાસ્કેટબોલ ટીમોએ ગઈકાલે સિંગાપોરમાં FIBA એશિયા કપ 2025 માં પોતાના અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

ભારતીય પુરુષ ટીમે ક્વોલિફાઇંગ ડ્રોના પહેલા મેચમાં દક્ષિણ કોરિયાને હરાવ્યું. ભારતીય ટીમે મકાઉ સામેની તેની બીજી ગ્રુપ મેચમાં પણ 21-6થી વિજય મેળવ્યો.

આજે ભારતીય ટીમ ક્વોલિફાઇંગ ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચમાં ફિલિપાઇન્સ સામે રામશે. વિજેતા ટીમ સ્પર્ધાના મુખ્ય ડ્રોમાં પ્રવેશ કરશે.

બીજી તરફ, ભારતીય મહિલા ટીમ હોંગકોંગ સામે ૧૧ પોઈન્ટથી હારી ગઈ. ભારતીય મહિલા ટીમને હવે ઉચ્ચ ક્રમાંકિત ચાઇનીઝ તાઇપેઈ અને ગુઆમ સામેની તેમની છેલ્લી બે ક્વોલિફાઇંગ ગ્રુપ મેચમાં બે મોટી જીતની જરૂર છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબના કેટલાક ભાગોમાં પણ આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ, કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આજે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર સોમા સેન રોયે જણાવ્યું કે, આગામી ત્રણ દિવસમાં તમિલનાડુ, પુડુચેરી, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા હવામાનની સ્થિતિ રહેશે.

# PUNJAB TOURISM

પંજાબમાં પ્રવાસન અને વન્યજીવ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે, સરકારે શ્રી આનંદપુર સાહિબના ઝજ્જર-બચૌલી વન્યજીવ અભયારણ્યને ઇકો-ટુરિઝમ અને રાજ્યમાં પ્રથમ ચિત્તા સફારી સ્થળ વિકસાવવાની યોજના બનાવી છે.

2025-26 વર્ષ માટે ગઈકાલે રજૂ કરાયેલા રાજ્યના અંદાજપત્રમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, નાંગલને પંજાબના આગામી મોટા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની પણ જાહેરાત કરવામાં આવી છે, જેના માટે 10 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.